

સેકટર-૫-ડીની ઝાડીઓમાં ગરમીના કારણે આગ ભભૂકી ઉઠી હતી. આગ વધુ વિકરાળ બને તે પહેલા આ અંગે ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયરબ્રિગેડે તુરંત જ સ્થળ પર પહોંચીને આગ ઓલવી હતી.

# સેકટર-૧ માં ઘરમાં ઘુસીને રૂપીયાની ઉઘરાણી માટે બે શખ્સોએ યુવકને માર્યો

ગાંધીનગર, તા.૩૦

શહેરના વીવીઆઈપી સેકટર-૧ માં યુવકના ઘરમાં ઘુસીને રૂપીયાની ઉઘરાણી માટે બે ઈસમોએ માર માર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.આ બનાવ અંગે યુવકની ફરીયાદને પગલે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧ સી પ્લોટ નં.૨૮૭- ખાતે રહેતા યુવક દિપ જયેશકુમાર પટેલે પેથાપુર ખાતે રહેતા મોહબ્બતસિંહ ઠાકોરઅને અજીતસિંહ ઠાકોર છેલ્લા નવ વર્ષથી તેઓ મિત્ર હતા. પરંતુ છેલ્લા છ માસના સમયગાળાથી તેમના વચ્ચે મિત્રતાના સંબંધ રહ્યા નથી.ગત રવિવારના રોજ માત્ર દિપ જ ઘરે હતો તે સમયે મોહબ્બતસિંહ અને અજીતસિંહ તેના ઘરે આવ્યા હતા અને કહ્યું હતું કે રૂપીયા આપી દે. જેથી દિપે રૂપીયા આપવાની ના પાડતા ગાળાગાળી કરી બંન્ને શખ્સો ભાગી ગયા હતા.ત્યારબાદ રાત્રીના સમયે આ બંન્ને ફરીવાર આવ્યા હતા અને તારે રૂપીયા આપવા પડશે તેમ કહી દિપને લાકડીથી માર મારવા લાગ્યા હતા.જેથી દિપે હોહા કરતા તેઓ ભાગી ગયા હતા.આજે નહી તો કાલે તારે રૂપીયા આપવા પડશે તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી.ત્યારબાદ દિપના પરિવારજનો આવી જતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા.જયારે આ મુદ્દે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં થઈ વિશ્વ સમાજકાર્ય દિવસની ઉજવણી



ગાંધીનગર,તા.૩૦

વ્યક્તિમાં સામાજિક નિસબતનું નિર્માણ વિદ્યાર્થીકાળથી જ થવું જોઈએ એવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે આપેલી પ્રેરણાને અનુસરતા, યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ દ્વારા હાલમાં જ વિશ્વ સમાજકાર્ય દિવસની ઉજવણી કરવામાં આવી. ઈન્ટનેશનલ ફેડરેશન ઑફ સોશિયલ વર્કર્સ દ્વારા દર વર્ષે વિશ્વ સમાજકાર્ય દિવસની થીમ નક્કી કરવામાં આવે છે. જેમાં આ વર્ષની થીમ 'પર્યાવરણીય સમાજનું નવનિર્માણ, જેમાં કોઈ પાછળ ન રહી જાય તેની તકેદારીહ્ર હતી. આ કાર્યક્રમમાં સમાજકાર્ય વિભાગના સેમેસ્ટર-૨ અને ૪ના કુલ ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. વિભાગીય અધ્યક્ષ રીનાબહેન રાઓલે સમાજકાર્ય દ્વારા સમાજનો વિકાસ કેવી રીતે કરી શકાય તે વિશે વિદ્યાર્થીઓને મહત્ત્વનું માર્ગદર્શન આપ્યું. ડૉ. નરેન્દ્રકુમાર વસાવાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું અને સમાજમાં સમાજકાર્યનું મહત્ત્વ સમજાવ્યું. જ્યારે આભારવિધિ ડૉ. શૈલેષ બ્રહ્મભટ્ટે કરી. ઉલ્લેખનીય છે કે, વિશ્વમાં સમાજકાર્યની સાચી ઓળખ થાય તેવા હેતુથી આવા વિશિષ્ટ દિવસોની ઉજવણી કરવામાં આવતી હોય છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ દ્વારા આવા વિવિધ દિવસોની ઉજવણી સાથે વિદ્યાર્થીઓનું ઘડતર કરવામાં આવે છે.

## ખૂણેખાંચરેથી

● આજે કલોલ તાલુકા અને કલોલ શહેર ભાજપની બેઠકોમાં ''મેરા બુથ સબસે મજબુત''ના સંકલ્પ લેવામાં આવ્યા હતા.

● સુજલામ સુફલામ જળ અભિયાન વર્ષ-૨૦૨૨ અંતર્ગત કામો કરવા અંગે નર્મદા જળસંપત્તિ વિભાગે પરિપત્ર જારી કરી દીધો છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધતાં શેરડીના કોલા પર સારી ઘરાકી જામેલી જોવા મળી રહી છે.

● વીજમાંગને પહોંચી વળવા માટે હવે વીજકંપનીઓ દ્વારા સ્ટેગરીંગ પ્રથાનો અમલ અસરકારક બનાવશે.

● ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કામ કરતા સ્વિપરોને ટી.બી. અંગેની પ્રાથમિક જાણકારી અને વિગતો આપવામાં આવી હતી.

● વર્ધાના મુવાડા તા. દહેગામ ખાતે ભવ્ય અને દિવ્ય નિર્માણ પામેલ સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને ધર્મસભાનું આયોજન કરાયુ હતુ. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા.

● આજે વિધાનસભાના અંદાજપત્ર સત્રનો અંતિમ દિવસ છે.

● ગાંધીનગર શહેરમાં આકરા ઉનાળાના આરંભે જ પીવાના પાણીનો પુરવઠો પુરા ફોર્સથી ન મળતો હોવાની તેમજ પુરતા સમય સુધી પણ પુરવઠો ન મળતો હોવાથી વ્યાપક ફરિયાદો ઉઠી છે. તંત્રએ મૌન ધારણ કર્યુ છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીના પ્રકોપને પગલે બપોરે નગર સુમસામ થઈ જાય છે.

● આજે ૩૧મી માર્ચ નાણાંકીય વર્ષનો અંતિમ દિવસ હોવાથી મોડી રાત સુધી સરકારી કચેરીઓ ધમધમતી જણાઈ.

# સેકટર-૨૦ પ્રમુખ એપાર્ટમેન્ટ પાસેથી ઈકો કારની ચોરી

ગાંધીનગર, તા.૩૦

શહેરના સેકટર-૨૦ પ્રમુખ એપાર્ટમેન્ટની બાજુમાં ખુલ્લી જગ્યામાંથી ઈકો કારની ચોરી થઈ છે. સેકટર-૨૧ પોલીસ મથકે દોઢ લાખ રૂપીયાની ઈકો કારની ચોરી અંગે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વાહનચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાંથી દ્વિચકી વાહનો તો આંતરે દિવસે ચોરી થાય છે. પરંતુ હવે ફોર વ્હીલર ગાડીઓ પણ ચોરી થવા પામી છે. પોલીસના પેટ્રોલીંગ અને સઘન વાહન ચેકીંગ વચ્ચે પણ ચોર શખ્સો સરળતાથી ચોરી કરી પલાયન થઈ જાય છે. વાહનચોર ટોળકીને પકડી પાડવા માટે પોલીસ પણ કમરકસી રહી છે. શહેરની ભીડભાડવાળી જગ્યામાંથી સહેલાથી વાહનો ચોરી ચોર શખ્સો પલાયન થઈ જાય છે. ત્યારે તાજેતરમાં સેકટર-૨૦ પ્રમુખ એપાર્ટમેન્ટ પ્લોટ નં. ૨૯૪ ખાતે રહેતા રાજેન્દ્રસિંહ સરદારસિંહ રાઠોડની ઈકો ગાડી નં. જી.જે.૧૮.બી.સી.-૪૩૭૧ પર પાસે ખુલ્લી જગ્યામાં ગત તા.૨૮ માર્ચના રોજ બપોરે ૪ કલાકે પાર્ક કરી હતી.જયારે બીજા દિવસે તા.૨૯ માર્ચના રોજ સવારે ૭.૩૦ કલાકે જોયુ તો ઈકો કાર પાર્ક કરેલી જગ્યા પર ન હતી. જેથી આસપાસ અને વતન ખાતે તપાસ કરી હોવા છતા ઈકો કાર મળી ન હતી. આખરે સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૧.૫૦ લાખની ઈકો ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

## શાહપુર પ્રાથમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિનું વિશેષ સન્માન કરાયું



ચિલોડા, તા. ૩૦

ગાંધીનગરની શાહપુર પ્રા. શાળાના આચાર્યનું મહારાષ્ટ્રમાં સન્માન કરાયું. મહારાષ્ટ્ર વર્ધા સ્થિત આદિત્ય ફાઉન્ડેશન દ્વારા સાવિત્રીબાઈ ફૂલે શિક્ષા સન્માન એવોર્ડથી વિશેષ ટ્રોફી અને પ્રમાણપત્રથી સન્માન કરવામાં આવ્યુ હતુ.

વિશ્વ મહિલા દિનના ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું. આદિત્ય ફાઉન્ડેશન વર્ધા મહારાષ્ટ્ર દ્વારા દેશના વિભિન્ન ક્ષેત્રોમાંથી ૧૨ કેટેગરીમાં દેશભરમાંથી ૬૦ થી વધુ વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવ્યા. મહાત્મા ગાંધી અને વિનોબા ભાવેની ભૂમિ વર્ધા આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિનું સાવિત્રીબાઈ ફૂલે શિલા શિક્ષા સન્માન એવોર્ડથી વિશેષ ટ્રોફી અને પ્રમાણપત્રથી સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિને તેમના શુભેચ્છકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ચિલોડા પ્રા.શાળામાં અક્ષયપાત્ર સંસ્થા દ્વારા ૪૨૯ રાશનકીટ અર્પણ કાર્યક્રમ યોજાયો



ચિલોડા, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ચિલોડા મોટા ખાતે આવેલી સરકારી પ્રાથમિક શાળા ખાતે આવેલી સરકારી પ્રાથમિક શાળા ખાતે અક્ષયપાત્ર સંસ્થા દ્વારા શાળાના ૪૨૯ વિદ્યાર્થીઓને રાશનકીટ અર્પણનો કાર્યક્રમ શાળાના શિક્ષણવિદ નટુભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો. આ રાશન કીટમાં અનાજ, કઠોળ, તેલ, ખાંડ, સાબુટૂટપેસ્ટ તેમજ અન્ય જીવનજરૂરી વસ્તુઓની કીટનો સમાવેશ થાય છે. આ વિતરણ કાર્યક્રમમાં ધોરણ ૨ થી ૮ના વિદ્યાર્થીઓને દરેક વર્ગમાં વર્ગશિક્ષક દ્વારા ક્રમશ વાલીઓની રૂબરૂમાં આધારકાર્ડ સાથે અર્પણ કરવામાં આવ્યું. આજના વિશેષ કાર્યક્રમમાં છેલ્લા ઘણા દિવસો મધ્યાહન ભોજન યોજના હેઠળ કુપનો દ્વારા અનાજનું વિતરણ બાદ કરાયુ હતુ. સાથોસાથ અક્ષયપાત્ર સંસ્થા દ્વારા બાળકોને ગરમાગરમ ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાતાં બાળકો અને વાલીઓમાં અતિ આનંદ-ઉત્સાહનો માહોલ સર્જાયો હતો. શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ તથા શિક્ષકોએ આ કામગીરીમાં સારો સહયોગ આપ્યો હતો.





આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી વનરાજ એજ્યુકેશન એન્ડ ચેરટેબલટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ગામ મીની પાવાગઢ તરીકે જાણીતા અંબોડ ખાતે તારીખ ૨૭મી માર્ચ શનિવારના રોજ લોકડાયરો યોજાયો હતો જેમાં સારી સંખ્યામાં ગ્રામજનોએ હાજર રહીને ડાયરાની મજા માણી હતી. ડાયરાના કલાકાર રાજુભાઈ શ્રીમાળી લોકગાયક (રાજતરંગ), લોકગાયક મધુભાઈ વાળા, ઉત્તર ગુજરાતની કોયલ સુલોચના વ્યાસ, લોકગાયક જીતેન્દ્ર પંડ્યા અને હાસ્ય કલાકાર મહેન્દ્રસિંહ વાઘેલાએ રમઝટ ઝમાવી હતી. આ કલાકારોને તબલચી કશ્યપ શ્રીમાળી, બેન્ઝો પર રજનીકાંત સુથાર અને મંજીરા સાથે રમેશ રમકડુંએ સાથ આપ્યો હતો. કાર્યક્રમનું આયોજન નટવરસિંહ ચાવડા દ્વારા કરાયું હતું.

# ચ માર્ગ પર બીએસએનએલ પાસે કારની ટક્કરે બાઈક ચાલકને ઈજા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના ચ માર્ગપર બીએસએનએલ કટ પાસે ગતરોજ બપોરના સુમારે બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર ચાલક નાસી ગયો હતો.જયારે બાઈક ચાલકને કપાળ તેમજ સાથળના ભાગે ઈજાઓ પહોંચતા સારવાર માટે ૧૦૮ માં ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. બનાવ અંગે યુવકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ હર્ષદભાઈ ભાણજીભાઈ રાજગોર (ઉં.૨૧) સેકટર-૨૪ હરસિધ્ધનગર ડબલ ડેકર મકાન નં.૨૦૪ ખાતે પરિવાર સાથે રહે છે. જયારે હર્ષદભાઈ સેકટર-૧૧ સુમન ટાવરના ચોથા માળે આવેલ રીલાયન્સ લાઈફ ઈન્સ્યોરન્સ પ્રાઈવેટ લિમીટેડ ખાતે છેલ્લા એક વર્ષથી આસીસટન્ટ સેલ્સ મેનેજર તરીકે ફરજ બજાવે છે. હર્ષદભાઈ નોકરી પર આવન જાવન માટે બાઈક નં. જી.જે.૦૮.બી.ક્યુ.-૫૫૬૩ નો ઉપયોગ કરે છે. હર્ષદભાઈ ગતરોજ સવારે આઠ વાગે નિત્યક્રમ મુજબ બાઈક લઈ ઓફિસ ખાતે આવી ગયા હતા.પરંતુ તેઓ પોતાનું લેપટોપ ઘરે ભુલી ગયા હતા. જેથી લેપટોપ લેવા માટે તેઓ બપોરે ઓફિસથી નીકળી ઘરે જઈ રહ્યા હતા. તે સમયે બીએસએનએલ કટ પાસે અચાનક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી કાર ચાલકે બાઈકને આગળના ભાગે ટક્કર મારી હતી. જેથી બાઈક ચાલક યુવક જમીન પર પટકાયો હતો. પરંતુ ગાડી ચાલકે તેની ગાડી ઉભી રાખી ન હતી. જયારે યુવકે ગાડીનો નં.જી.જે.૦૧.એચ.યુ.-૨૪૮૪ હતો. અકસ્માતને પગલે નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે યુવકના મિત્રો આવી પહોંચતા ૧૦૮માં સારવાર માટે લઈ ગયા હતા. જયારે યુવકને કપાળના ભાગે, સાથળના ભાગે તેમજ શરીરે વધતી ઓછી ઈજાઓ થઈ છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## સિવિલ હોસ્પિટલના કર્મચારીઓને ટીબી અંગે આરોગ્ય શિક્ષણ અપાયું



ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા વર્ગ-૪ ના કર્મચારી ભાઈ-બહેનને ટીબીના રોગ અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજયકક્ષાના ટીબી અધિકારી ડો.પંકજ નિમાવત, જીલ્લા ક્ષય કેન્દ્રના મેડીકલ ઓફિસર ડો. એમ.જે.બ્રહ્મભટ્ટ, ડો.હની પઠાણ, કેયુર જયસ્વાલ, સેનેટરી ઈન્સ્પેકટર પંકજ જાદવ,તેમજ રાજદીપ એજન્સીના સુપરવાઈઝર પાર્થ પરમાર, પંકજ આગજા, વિરમ દેસાઈ,નરેશ આસોડીયા, સહિત સિક્યુરીટીના કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ કર્મચારીઓએ સહયોગ પુરો પાડ્યો હતો.

## રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૯ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૩૦

રાજ્યમાં મંગળવાર કરતા આજે કોરોનાના કેસમાં વધારો નોંધાયો છે. આજે નવા ૯ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૩૭ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૮૨૯ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૮૩,૧૫૪ રસીના ડોઝ અપાયા હતા.

એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨૨ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૧ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૧૨૧ નાગરિકો સ્ટેબલ છે. તો બીજી તરફ ૧૨,૧૨,૮૨૯ નાગરિકો ડિસ્ચાર્જ થઇ ચુક્યાં છે. જો કે અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૦૯૪૨ નાગરિકોનાં મોત થઇ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું.

## સમર્પણ પબ્લિક સ્કુલનું ખેલમહાકુંભનું ગૌરવ



ગાંધીનગર, તા.૩૦

સમર્પણ પબ્લિક સ્કુલમાં ધો-૫ ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતી પ્રજાપતિ કાવ્યા બળદેવભાઈએ ખેલમહાકુંભમાં સ્કેટિંગની રમતમાં ભાગ લીધો હતો અને તેણે જિલ્લા સ્તરે બીજો નંબર પ્રાપ્ત કરેલ છે જે શાળા માટે ખુબ ગર્વની બાબત છે અને શાળાના મેનેજિંગ ડાયરેકટર મહેન્દ્રસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેકટર ડૉ. એમ.ડી. પાંડે, શાળાના આચાર્ય તથા બધા જ સ્ટાફ તરફથી તેણીને અભિનંદન પાઠવ્યા હતા.

# આત્મન ફાઉન્ડેશન દ્વારા અગરિયા પરિવારોને અનાજ કીટનું વિતરણ



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની વિવિધ સેવા કાર્યો કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા પ્રતિ વર્ષ અન્ય પ્રવૃત્તિઓની સાથે મીઠાના ઉત્પાદન સાથે જોડાયેલા અગર વિસ્તારના શ્રમજીવીઓને પણ રૂબરૂ મળી હૂંફનો સાદ કરવામાં આવે છે. તાજેતરમાં પાટણ જિલ્લાના છેક અંતરિયાળ એવા કચ્છના નાના રણ નજીક સાંતલપુરના અગરોમાં મીઠું પકવતા અગરિયા પરિવારોને અનાજની કિટનું પ્રસાદ રૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. ગોળ, ચોખા, મગ, તેલ, બહેનોને સાડી, ભાઈઓને કપડાં, બાળકોને કપડાં અને નાસ્તો વગેરેનું વિતરણ કરાયું હતું. સ્વયંસેવકો દ્વારા તેમની સાથે વાતો કરી એમની કપરી પરિસ્થિતિઓ પ્રત્યે સંવેદના દાખવવામાં આવી હતી. આ સેવા કાર્યમાં સંસ્થાના સહયોગીઓ અશોકભાઈ ત્રિવેદી, ક્રિશ્નકુમાર રાણા, પ્રજ્ઞા પટેલ, કિશોરભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ જોડાયા હતા. અગરિયા હિત રક્ષક મંચના ટ્રસ્ટી અને પ્રમુખ નારુભાઈ કોળી સાથે મદદમાં રહ્યા હતા. સ્થાનિક કાર્યકર સુલેમાનભાઈ ભટ્ટી અને કોર્ડીનેટર ઘનશ્યામભાઈ ઝુલાએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આત્મન દ્વારા ૧૦૦ પરિવારોને આ વિતરણ પહોંચ્યું હતું. આ અગાઉ સંસ્થા દ્વારા ખારાઘોડા વિસ્તારના ૧૦૦ અગરિયા પરિવારોને અનાજ, કપડાં, સ્લીપર, શાકભાજી, નાસ્તો વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.





પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ૧લી એપ્રિલના રોજ પરીક્ષા પે ચર્ચાની પાંચમી આવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરશે. આ સંદર્ભે ગુજરાતના શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ સરકીટ હાઉસ ખાતે પત્રકારોને સંબોધ્યા હતા અને કાર્યક્રમની વિગતો આપી હતી.

# શહેરમાં ઢોર પકડ ઝુંબેશમાં પકડાયેલી ગાયોની દયનીય હાલત

## આકરી ગરમીમાં પશુઓને ખુલ્લા તડકામાં રખાય છે અને દિવસમાં માત્ર એક જ વાર ઘાસચારો અપાતો હોવાનો જીવદયા પ્રેમીઓનો આક્ષેપ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઢોર પકડ ઝુંબેશ સઘન બનાવવામાં આવી છે, પરંતુ જે જગ્યાએ પકડાયેલા પશુઓને રાખવામાં આવે છે ત્યાં શેડની વ્યવસ્થા પુરતા પ્રમાણમાં ના હોવાથી આકરી ગરમીમાં પશુઓને ખુલ્લા તડકામાં રાખવામાં આવે છે. આ ઉપરાંત કેટલાંક જીવદયા પ્રેમીઓના મતે અહીં પશુઓને ખાવાની સુવિધા પણ અપુરતા પ્રમાણમાં કરવામાં આવતી નથી. અહીં ખૂબ મોટી સંખ્યામાં રખાયેલા પશુઓ માટે દરરોજ બપોરે માત્ર એક ગાડી ઘાસ મંગાવવામાં આવે છે, જે આટલાં બધા પશુઓ માટે પૂરતું નથી. આ પશુઓને બે વખત ઘાસચારો મળી રહે અને ઉનાળાના બળબળતા તાપમાં પશુઓની તડકાથી બચવા પુરતા પ્રમાણમાં શેડ બનાવવા જેવી વ્યવસ્થા તાત્કાલિક ધોરણે ઉભી કરાય તેવી શહેરના જીવદયા પ્રેમી નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે. તાજેતરમાં શહેરના એક ગૌપ્રેમી નાગરિકે લીધેલી પાંજરાપોળની મુલાકાત બાદ તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના પાંજરા પોળમાં ગાયોની હાલત દયનીય છે. અમુક ગાયો તો ઉભી પણ નથી થઈ શકતી જ્યારે કેટલીક ગાયો બિમાર છે. વળી ગાયો માટે છાંયડો બિલકુલ નથી. આ સ્થિતિમાં આગામી ઉનાળામાં પાંજરાપોળમાં પુરવામાં આવેલી ગાયોને તડકાથી બચવા પુરતા ભાગે શેડ કરવામાં આવે તે અત્યંત જરૂરી જણાય છે.

